ફૂલછાબ
રાજકોટની રફતાર
૪
મંગળવાર તા. ૧૯-૭-૨૦૧૧

સવાસ્દી ભણી આગેકૂચ
ફૂલછાબ ૯૦ વર્ષ
૧૯૨૧-૨૦૧૦

૩૬-૩૬ દેશના લોકોને દાઢે વળ્યા છે

રાજકોટના મણિયાર્સ ખાખરા

રાજકોટના જાણીતા મણિયાર પરિવારના પુત્ર-પુત્રવધૂ સંજય-હેમાની ખાખરાની ફેકટરીમાં ૯૨ ગામડાની ૩૫૦ બહેનો કામ કરે છે, તેને 'દીકરીઓ' જેવી સુવિધા અપાય છે

સંજયભાઇ મણિયાર

હેમાબેન મણિયાર

મિકેનિકલ એન્જિનિયર થયેલ સંજય મણિયારને ઇજનેરીને બદલે ખાખરાનું ''મિકેનિઝમ'' ફળ્યું

■ હેમેન ભટ્ટ

રાજકોટ ખાખરાનું ધામ છે, ભારતભરમાં ખાખરાનું સૌથી વધુ ઉત્પાદન અને વેચાણ રાજકોટમાં થાય છે. રાજકોટની એક જ પેઢીના ''મણિયાર્સ ખાખરા'' ૩૬-૩૬ દેશોના લોકોની દાઢે વળગ્યા છે. તમે કહેશો કે, રાજકોટમાં કે આસપાસમાં કયાંય આવા મણિયાર્સ ખાખરા જોવા મળતા નથી, ન જ મળે ને? તે માત્ર વિદેશમાં જ જાય છે.

રાજકોટમાં મણિયાર પરિવારનું નામ આવે એટલે, રાજકીય, સામાજિક, શૈક્ષણિક અને સહકારી ક્ષેત્રે જેમનું મોટુ પ્રદાન છે, તે સ્વ. અરવિંદભાઇ મણિયાર, સૌના કાકા-પ્રવીણભાઇ મણિયાર અને નાગરિક બેન્કના ચેરમેન કલ્પક એ. મણિયાર સૌને યાદ આવે, પરંતુ રોજ સવારના આરોગ્યપ્રદ નાસ્તાની વાત આવે તો આ મણિયાર પરિવારના જ પુત્ર સંજય મણિયારને યાદ કરવા પડે. સંજયભાઇ એટલે સ્વ. જયવંતભાઇના પુત્ર અને સ્વ. અરવિંદભાઇ તેમજ પ્રવીણકાકાના ભત્રીજા.

સંજય મણિયાર આમ તો મીકેનીકલ એન્જીનીયર વિદ્યાનગરમાં બીઇ થયા બાદ એમણે મશીન ટુલ્સનો ધંધો શરૂ કર્યો હતો. પરંતુ એમના શ્વસુર આણંદના સ્વ. ગોરધનભાઇ પટેલ અને સાળા કિર્તીરાજ પાપડવાળા તેઓને ખાખરા-પાપડના ગૃહ ઉદ્યોગમાં આવવા સતત આગ્રહ કરતા હતાં. સન ૨૦૦૦ની સાલમાં તેમના સાળાને ત્યાં અમેરિકાથી મહેમાન આવેલા તેઓ ગોંડલના પૌવા લેવા નીકળ્યા હતા. આથી સંજયભાઇના મહેમાન બન્યા. સંજયભાઇના પત્ની હેમા બહેને એમને નાસ્તામાં ખાખરા અને ખીચિયા પાપડ પીરસ્યા મહેમાનને તે બહુ ભાવ્યા. તેઓએ ''અમેરિકામાં આવા ખાખરા મોકલો તો પહેલો ઓર્ડર મારો, એવું કહ્યું અને સંજયભાઇએ ખાખરા બનાવવાનો નિર્ધાર કરી લીધો.

શરૂઆતમાં ગોંડલ રોડ પર વીસ બહેનોને સાથે રાખી ખાખરા બનાવવાનો પ્રારંભ કર્યો. ત્યારે દરરોજના ૪૦ કિલો ખાખરા બનાવતા હતા.

પહેલેથી ખાખરા વિદેશ મોકલવાનું નક્કી કરેલું પરંતુ ત્યારે સંજયભાઇને યુએસના વીઝા ન મળ્યા એટલે ઇન્ટરનેટ દ્વારા અમેરિકાનો સંપર્ક કરી ખાખરાના સેમ્પલ મોકલાવ્યા. FDAમાં માન્ય કરાવ્યા. લેબોરેટરી ટેસ્ટીંગમાં પણ પાસ થતા અમેરિકાના ઇમ્પોર્ટરોએ ઓર્ડર્સ આપવાનું શરૂ કર્યું. એચ.એસ.એમ. ફુડસ ઇન્ટરનેશનલના મણિયાર્સ ખાખરાની

(જુઓ પાનું ૨)

રૂ. ૫૦ કરોડની ખાખરા માર્કેટ બહુ જલ્દી આસમાનની ઊંચાઇને આંબશે

ખાખરાની માર્કેટ અત્યારે રૂ. ૫૦ કરોડ જેવી છે એમ જણાવતા સંજય મણિયાર નિષ્ણાતોને ટાંકીને કહે છે કે, બહુ જલ્દી ખાખરાની માર્કેટ રૂ. ૫૦૦ કરોડ થવા જઈ રહી છે. બિસ્કીટસમાંથી લોકો હવે ખાખરા તરફ ઢળવા લાગ્યા છે. અત્યારે બિસ્કીટસનું માર્કેટ રૂ. ૧૬ હજાર કરોડ છે, પરંતુ એ દિવસ દૂર નથી કે લોકો હેલ્થ પ્રોડકટને પ્રાધાન્ય આપવા લાગશે. ક્રિષ્નાબેન ખાખરાવાલા જેવી સિરિયલથી નોન ગુજરાતીઓમાં પણ ખાખરાની અવેરનેશ જાગી છે. તેમણે કહ્યું કે, ઈન્ડીઅન ઈકોનોમી દોટ મૂકી રહી છે, ત્યારે એ દિવસે દૂર નથી કે, અમેરિકાની જેમ અહીંના દરેક કપલ્સ પણ વર્કીંગ હશે અને રેડી ટુ ઈટ તેમજ હેલ્થી પ્રોડકટ હોવાથી ખાખરો આસમાનની ઊંચાઈને આંબશે.

માત્ર ૬ ધોરણ પાસ હર્ષિદાનું જીવન બદલાઈ ગયું!

ખોડાપીપર ગામની માત્ર છ ધોરણ સુધી ભણેલી હર્ષિદા માટે મણિયાર્સ ખાખરાની તરઘડી સ્થિત એચ.એસ.એમ. ફેકટરી જિંદગીની પાઠશાળા બની ગઈ. અહીં તે ખાખરા વણવા આવી હતી, પરંતુ ઉત્સાહ અને ધગશને કારણે તે પ્રગતિ કરતી ગઈ. તેણે કમ્પ્યુટરની તાલીમ લીધી અને તે ફેકટરીની પ્રોડકશન મેનેજર બની ગઈ. વાત આટલેથી પૂરી થતી નથી. હર્ષિદાના લગ્ન થયા. તેના પતિને હીરા ઘસવાની ત્રણ ફેકટરી છે, હર્ષિદા જેવી હોંશિયાર વહુ મળી હોવાથી તેની સ્કીલનો લાભ લેવા તેના સસરાએ હર્ષિદા માટે હીરા ઘસવાની ચોથી ફેકટરી ખોલી આપી છે.

■ કૌશિક મહેતા

પર્યાવરણ જાળવો, સ્વાર્થ ખાતર...

જયરામ રમેશને પર્યાવરણ ખાતામાંથી હટાવી અન્ય મંત્રાલયમાં મુકવામાં આવ્યા એનું નુકસાન કેવું, કેટલું થશે એ કહેવું મુશ્કેલ છે. આજે પર્યાવરણ કોઇ પણ દેશ માટે પ્રાણ પ્રશ્ન બની ગયો છે. કારણ કે જયરામની ઇમેજ પર્યાવણ કાર્યકર્તાની બની ગઇ હતી. આપણે ત્યાં વન વિસ્તાર ઘટી ગયો છે અને એની ભરપાઇ કરવી મુશ્કેલ છે. જયરામે કહેલું કે, વૃક્ષારોપણ ઝુંબેશથી આ કમી પુરી નહીં થાય. જંગલમાં કાપણી હવે બંધ થવી જોઇએ. અને સૌથી ગંભીર વાત એ કે આપણી નદીઓ ગ્લેશિયર આધારિત છે. ગ્લેશિયર સૂકઇ ગયા તો નદીઓ સુકાઇ જશે. ભારત જ એવો દેશ છે જેનો સાગર કાંઠો ૭૫૦૦ કિલોમીટર છે. અને ૫ કરોડ લોકો રહે છે. જો સાગરના પાણી સ્તર વધ્યું તો વિનાશ સર્જાવાનો વળી, જળવાયુ પરિવર્તનના કારણે ચોમાસુ અનિયમિત થયું છે. ગુજરાતમાં સતત સારા ચોમાસા બાદ વરસાદ વિલંબાયો અને આ વર્ષે આખા દેશમાં ગુજરાત શરૂઆતમાં વરસાદી ખાધવાળું રાજ્ય બન્યું.

જયરામે ગ્રીન ઇન્ડિયા મિશન હાથ ધરેલું અને આગામી દસ વર્ષમાં ૫૦ લાખ હેકટરમાં વનીકરણની યોજના હતી. હવે આ યોજનાનું શું થશે? મનમોહન જાણે!

પર્યાવરણની જાળવણી માટે જયરામ જરૂરી હતા. અને વાત રહી આપણી તો આપણે કયારે જાગૃત થઇશું? ઘરમાં બે પાંચ કુંડા રાખ્યા એટલે પર્યાવરણ રક્ષણ થઇ ગયું એવા વહેમમાંથી બહાર આવવાની જરૂર છે. રોજેરોજ સેંકડો રીતે આપણે વાતાવરણને પ્રદુષિત કરીએ છીએ. પર્યાવરણ બગાડીએ છીએ. આપણે બીજુ કંઇ ન કરીએ તો વી.ડી. બાલા જેવા વન અધિકારીના આંદોલનને સહયોગ આપવો જોઇએ. બાલા એવા અધિકારી છે કે જે સંસ્થાગત રીતે પર્યાવરણ સુરક્ષા માટે જબરદસ્ત કામ કરી રહ્યા છે. હમણાં તેમણે ફળાઉ વૃક્ષો વાવવાની ઝુંબેશ હાથ ધરી છે. અગાઉ તેઓ અનેક આવી ઝુંબેશ સફળતાપૂર્વક કરી ચૂકયા છે. ખાસ કરીને તેઓ આ મુદ્દે શાળા-કોલેજના વિદ્યાર્થીઓને સાંકળે છે પછી એ ચકલી બચાવો અભિયાન હોય કે ચીકુના વૃક્ષનું વાવેતર હોય.

બાલા જેવા પર્યાવરણ મિત્ર-સંરક્ષકની સંખ્યા ભલે લઘુમતીમાં હોય પણ આપણે ધારીએ તો એમના આંદોલનને વ્યાપક બનાવી શકીએ છીએ. સિઝન વરસાદની છે. એમાં તન-મનને જરૂર ભીંજવો અને ચા-ભજીયાની લિજ્જત જરૂર માણો પણ સાથોસાથ પર્યાવરણ જાળવવા કંઇક કરી છૂટો. અને એમાં મારો-તમારો-આપણો સ્વાર્થ છે. ફરી ચોમાસામાં ભીંજાવાનો આનંદ લેવા માટે પણ પર્યાવરણ સુરક્ષા જરૂરી છે. અને હજુ આપણે એટલી હદે સ્વાર્થી નથી થયા કે આટલું જ ન કરીએ. કુદરતનો વારસો છે આપણે એ માત્ર જાળવવાનો છે.

આજનો SMS

સારા લોકો જલ્દી મરી જાય છે?
ના, ના વાત તદ્દન ખોટી છે!
સારા લોકો બહુ જલ્દી જીવી નાખે છે!!

[તમે પણ e-mail કે SMS મોકલી શકો છો. તમારો કોઇ અનુભવ કોઇ હળવો પ્રસંગ, નોખી વાત... અમને લખીને મોકલો. અથવા e-mail કરો. kaushikmehta123@gmail.com અમે તમારા નામે e-mail કે SMS પ્રગટ કરીશું.]

કયૂબ ગેમનો ધનાધન વર્લ્ડ માસ્ટર: ધનાયુષ રાણીંગા

- **સંગીતકાર અતુલ રાણીંગાનો પુત્ર 'બ્લાઈન્ડ કયૂબ ફોલ્ડર' તરીકે વિશ્વકક્ષાએ પ્રથમ છે.**
- **સુ-પ્રસિધ્ધ અભિનેતા આમીરખાન પણ આ ગુજરાતી બાળક ઉપર ફિદા છે.**
- **માત્ર ૯ વર્ષની ઉંમરે (વર્લ્ડ કયૂબ એસોસીએશન (WCA) ધનાયુષને વિશ્વના સૌથી નાની વયના 'બ્લાઈન્ડ કયૂબ ફોલ્ડર' તરીકે સ્થાન મળ્યું છે.**

■ ડો. કૃપા ઠાકર

પ્રતિભા જન્મજાત હોય છે એમાંય કેટલાક બાળકો ને તો લોહીના વારસામાંથી જ એવું શ્રેષ્ઠતમ પરીબળ મળતું હોય છે કે એ કોઇ પણ ક્ષેત્રમાં ઝળકયા વગર ન જ રહે. મૂળ રાજકોટના અને હાલ મુંબઇની મ્યુઝિક દુનિયાના અગ્રીમ સંગીતકાર મ્યુઝિક સ્કોરર અતુલ રાણીંગા આપણી ગુર્જર ભૂમિનું ગૌરવ છે. મુન્નાભાઇ એમ.બી.બી.એસ.; લગે રહો મુન્નાભાઇ, ડબલ ધમાલ અને થ્રી ઇડિયટ્સના બેકગ્રાઉન્ડ મ્યુઝિક સ્કોરરનો આઇફા એવોર્ડ મેળવનાર અતુલ રાણીંગા રાજકોટ ભૂમિનું સંતાન છે અને એથીય વિશેષ અતુલનું સંતાન ધનાયુષ તો હવે વૈશ્વિક કક્ષાએ ગૂંજતુ નામ છે. મુંબઇની વીબગ્યોર સ્કૂલમાં પાંચમાં ધોરણમાં અભ્યાસ કરતો ધનાયુષ આજકાલ તો મુંબઇ-મહારાષ્ટ્ર અને સમગ્ર દેશમાં રુબિકસ કયૂબ ગેમ ક્ષેત્રનું મોટુ નામ ગણાય છે. પઝલ ગેમનું સાચું નામ કયૂબ ગેમ છે. ધનાયુષને જાણે કે ઇશ્વરીય વરદાન મળ્યું છે. એને આજની ભાષામાં 'મિરેકલ ચાઇલ્ડ' કહી શકાય. ધનાયુષને વિકાસનો માર્ગ વારસામાં મળ્યો છે. ધનાયુષના દાદા એટલે શાંતિલાલ રાણીંગા રાજકોટ આકાશવાણીના નિવૃત્ત અધિકારી પણ લોકસંગીતની જૂની પેઢીના મર્મી અને જાણતલ ધનાયુષના કાકા રાજ રાણીંગા પણ મુંબઇની મ્યુઝિક ઓર્કેસ્ટ્રાક્ષેત્રનું ઝળહતું નામ છે તો બીજા એક કાકા રાજકોટમાં જ શિક્ષણ અને સંગીત ક્ષેત્રે કાર્યરત એવા (પ્રા.ડો.) હિમાંશુ રાણીંગા પણ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં કી-બોર્ડ પ્લેયર તરીકે જાણીતા છે. આમ સમગ્ર રાણીંગા પરિવારમાં ભિન્ન-ભિન્ન તેજસ્વીતાના ઓજસ પથરાયા છે એ પરિવારમા ધનાયુષ જેવો પુત્ર રત્ન ન પ્રગટે તો જ નવાઇ !

ધનાયુષની ઉંમર માત્ર ૯ વર્ષની જ છે અને ૫ વર્ષની ઉંમરથી જ આ હોનહાર બાળકે વિવિધ સ્પોટ્સમાં માસ્ટરી મેળવવાનો પ્રારંભ કરી દીધો હતો. મહારાષ્ટ્ર રાજ્યની સ્વીમીંગ કોમ્પીટીશનમાં બ્રોન્ઝ મેડલ મેળવીને આજ સુધીમાં એમણે મુંબઇ શહેર તથા રાજ્ય કક્ષાની માત્ર સ્વીમીંગની વિવિધ સ્પર્ધાઓમાં ૩૫ જેટલા મેડલ્સ મેળવ્યાં છે. સ્વીમીંગ ઉપરાંત ચેસમા પણ આ બાળવીર પારંગત છે. ચેસની રાજ્યકક્ષાની અનેક હરિફાઇઓ સર કરી છે. પણ સૌથી ધમાકેદાર અને ધનાધન સફળતા મળી હોય તો તે કયૂબ ગેબની વર્લ્ડ માસ્ટરીની છે. વિશ્વકક્ષાએ જુદા જુદા અનેક પ્રકાર અને કદના કયૂબની સ્પર્ધાઓ થતી હોય છે. જેમાં ૨×૨, ૩×૩, ૪× ૪, ૫× ૫, સ્કેવર વન, પીરામીક્ષ તથા મેગામીક્ષ ધનાયુષ આ બધા જ કયૂબ થોડી જ સેકન્ડોમાં સોલ્વ કરી શકે છે. કયૂબ માટેનું વિશ્વકક્ષાનું કાયદેસરનું સંગઠન 'વર્લ્ડ કયૂબ એસોસીએશન' (WCA) છે તેમણે વિશ્વના સૌથી નાનામા નાની વયના 'બ્લાઇન્ડ કયૂબ ફોલ્ડર' તરીકે જાહેર કર્યો છે. WCAની વેબસાઇટમાં પણ ધનાયુષ પ્રથમ ક્રમાંક ઉપર બીરાજે છે. એક ગુજરાતી અને ભારતીય તરીકે આપણને સૌને ગૌરવ અપાવે એવી આ વાત છે. આંખ ઉપર પાટા બાંધીને આખું કયૂબ સોલ્વ કરવું એ નાનીસુની વાત નથી ! ધનાયુષની પહેલા જાપાનના એક બાળકે ૧૦ વર્ષ અને ૧ મહિનાની ઉંમરે વર્લ્ડ રેકોર્ડ કરેલો પણ આપણા કાઠીયાવાડી ધનાયુષ દ્વારા માત્ર ૯ વર્ષ અને ૪ મહિનાની ઉંમરે આ સિધ્ધિ હાંસલ કરી છે એટલું જ નહીં પણ પીરામીક્ષ કયૂબ કેટેગરીમાં માત્ર ૮ સેકન્ડમાં કયૂબ સોલ્વ કરી એણે ભારતમાં પ્રથમ સ્થાન ઉપર કબજો જમાવી સફળતાનો કીર્તિ ધ્વજ લહેરાવ્યો છે. જાણીતા શ્રેષ્ઠ અભિનેતા આમીરખાન આપણા આ બાળવીર ઉપર ફીદા છે.

આમીરખાન ખુદ કયૂબ ગેમના શોખીન છે. તે પણ આ રમતના માહીર છે. મુંબઇની જુદી જુદી એન્જિનિયરિંગ કોલેજોમાં અને અન્ય સંસ્થાઓમાં કયૂબ કોમ્પીટીશનનું આયોજન થાય છે ત્યારે ધનાયુષની ટેલેન્ટ જોવા માટે અને તેનો ઓટોગ્રાફ -ફોટોગ્રાફ લેવા માટે પડાપડી થાય છે. અનેક ટીવી ચેનલ્સ તથા દૈનિક પત્રો, મેગેઝીનોની વિશેષ પૂર્તિઓમાં ધનાયુષને 'અદ્‌ભૂત બાળક'નો દરજ્જો આપીને તેની તેજસ્વીતાના પોંખણા થયા છે. જો કે ભારતમાં બધાં જ પ્રકારના કયૂબ જોવા મળતા નથી તેથી ધનાયુષના મમ્મી (પ્રીતી બહેન) પપ્પા (અતુલ રાણીંગા) વિવિધ પ્રકારના કયૂબ વિદેશથી ખાસ મંગાવે છે. ધનાયુષ આ બધી કૌશલ્યતા માટે ઇન્ટરનેટની મદદથી પોતે જાતે જ પ્રેકટીસ કરીને શીખે છે એટલું જ નહીં પરંતુ ' બ્લાઇન્ડ ફોલ્ડ' (આંખે પાટા બાંધીને કયૂબ સોલ્વ કરવી) ની તાલીમ માટે

(જુઓ પાનું ૨)

પોલીસમાં પણ ત્રણ 'ક'નું મહત્ત્વ છે. વેધક પ્રશ્નોના મારાના કારણે લોકો પોલીસથી દૂર ભાગે છે

■ દીપક ત્રિવેદી

એફઆઇઆર, આ કોઇ ટીવી ચેનલ પર પ્રસારિત થતી શ્રેણીનું જ નામ નથી. પણ સમાજમાં બનતા ગુનાઓ અંગે લોકો દ્વારા પોલીસમાં કરવામાં આવતી ફરિયાદનું ટૂંકુ નામ છે. એફઆઇઆર એટલે ફર્સ્ટ ઇન્ફોર્મેશન રીપોર્ટ છે.રીપોર્ટીંગની જેમ પોલીસ માટે પણ ત્રણ 'ક' મહત્વના છે. આ ત્રણ 'ક'ના આધારે પોલીસ દ્વારા સત્તાવાહિક અવાજ સાથે પુછવામાં આવતા પ્રશ્નોના કારણે લોકો પોલીસથી દૂર ભાગે છે.

પોલીસનું નામ સાંભળીને મોટા અને માથાભારે ગુનેગારોની પણ ફેં ફાટે છે ત્યાર સામાન્ય માણસની વાત જ કયાં કરવી. આપણે અવારનવાર અખબારોમાં વાંચી છીએ કે ચોરી કે લૂંટનો ભોગ બનનાર વ્યક્તિ અથવા અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિ દ્વારા પોલીસની પળોજણમાં નહીં પડવા માટે ફરિયાદ નોંધાવવાનું ટાળવામાં આવ્યું હતું.

પોલીસ કોઇ સિંહ, વાઘ નથી તે સામાન્ય નાગરિક જ છે આમછતાં લોકો પોલીસ પાસે જતાં કેમ ડરે છે? તેના અનેક કારણો છે. તે પૈકી એક કારણ છે ગુના અંગેની વધુને વધુ માહિતી મેળવવા માટે પોલીસ દ્વારા ફરિયાદ કરવા આવનાર વ્યક્તિને પુછવામાં આવતા સવાલો અને માગવામાં આવતા પુરાવા.

કોઇપણ ભોગ બનેલી વ્યક્તિ પોલીસ મથકે ફરિયાદ કરવા જાય ત્યારે તેની માનસિક સ્થિતિ ડામાડોળ હોય છે. તેથી પોલીસ દ્વારા કરવામાં આવતા સવાલોના મારાના કારણે તે ગભરાય જાય છે અને તેના કારણે ફરિયાદ નોંધાવવાનું ટાળવામાંઆવે છે.

કોઇ વ્યક્તિ પોલીસ સ્ટેશને જાય ત્યારે તેને પ્રથમ શું આવ્યા છો? તેવો પ્રશ્ન પુછવામાં આવે છે. બાદમાં નામ શુ છે, કયાં રહો છો, શુ માહિતી આપવા આવ્યા છો? કોણે ગુનો કર્યો છે. કોણ કોણ સંડોવાયેલા છે?, ભોગ બનનાર કોણ છે?, ગુનો કે બનાવ કયારે બન્યો?, કયાં સ્થળે બન્યો?, ગુનાનો હેતુ શુ છે?, ગુનો કઇ રીતે બન્યો? ગુનો બનતા કોણે જોયો છે? કયા હથિયાર વપરાયેલા છે? ગુનેગારે કેવા કપડાં પહેર્યા હતાં? ગુનેગારને કઇ રીતે ઓળખો છો? તમારી વસ્તુ છે તેના બીલ સહિતના પુરાવા છે?પોલીસને હાથો બનાવવા માટે આવ્યા નથી? આ પ્રકારના વેધક સવાલોનો મારો ચાલે છે. આ સવાલોના કારણે ફરિયાદ કરવા આવનાર વ્યક્તિ ફરિયાદ કરવાનું ટાળે છે.

આ પ્રકારના સવાલો અંગે પોલીસ દ્વારા એવો ખુલાસો કરવામાં આવે છે કે, કોઇપણ ગુનાની ઝીણામાં ઝીણી વિગત મેળવવાથી આરોપીઓ સુધી પહોંચી શકાય છે. ફરિયાદી દ્વારા આપવામાં આવેલી વિગત પૈકીએ એક કલુ આરોપી સુધી પહોંચાડી દે છે. જો કે ચોરીના બનાવમાં આ શકય બનતું નથી પરંતુ લૂંટ, ખૂન, મારામારી, સોનાના ચેઇન અને પર્સની ચીલઝડપ સહિતના કિસ્સામાં આરોપીના વર્ણનના આધારે સગડ મેળવવામાં સફળતાં મળે છે અને ફરિયાદીને ન્યાય મળે તે એક માત્ર આશયના કારણે સવાલો પુછવામાં આવે છે. કેટલાંક કિસ્સામાં પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ થાય છે. તેવા કિસ્સામાં પુરાવા માગવામાં આવે ત્યારે સાચી સ્થિતિ બહાર આવે છે.

એફઆઇઆર કોણ નોંધાવી શકે? તેવો પ્રશ્ન મનમાં ઉઠે તો તેનો જવાબ છે ભોગ બનનાર વ્યક્તિ પોતે, ગુનાની જાણકારી હોય તેવી વ્યક્તિ અને આરોપી પોતે પણ એફઆઇઆર નોંધાવી શકે છે.

થોડા સમય પહેલા એક યુવાનને તેની પત્નીએ પતાવી દીધો હતો. બાદમાં પત્ની પોલીસ મથકમાં હાજર થઇ ગઇ હતી અને તેણે પોલીસ સમક્ષ તેના પતિની હત્યા કર્યાની વિગત રજૂ કરી હતી. પોલીસે એ યુવતી પાસેથી વિગત મેળવીને કરેલી તપાસ દરમિયાન રજૂ થયેલી હકિકતમાં તથ્ય હોવાનું જણાતા પોલીસે એ યુવતીની તેની સામે જ ફરિયાદ નોંધીને આરોપી તરીકે ધરપકડ કરી હતી.

બનાવ બને કે તુરત જ એફઆઇઆર નોંધવામાં આવે તો તેમાં કોઇ બાબત ઉમેરવાની કે ઘટાડવાની તક રહેતી નથી તેના કારણે ફરિયાદમાં (એફઆઇઆર) વિશ્વસનિયતા રહે છે. કોઇ પણ બનાવની મોડી ફરિયાદ કે ખબર આપવાથી શંકા પેદા થાય છે. આ શંકાના નિવારણ માટે પણ સવાલો પુછવામાં આવે છે.

પોલીસ મથકમાં ફરિયાદના બે વિભાગ પાડવામાં આવે છે. પોલીસની ભાષામાં કહીએ તો રાજ્ય વિરૂધ્ધ, શરીર સંબંધી, મિલકત સંબંધી ગુનાઓ ભાગ એકથી પાંચમાં(વન ટુ ફાઇવ) આવે છે. જ્યારે દારૂ, જુગાર સહિતના ગુના ભાગ છમાં આવે છે.

(જુઓ પાનું ૨)

કાર્ટુન રફતાર -અશોક અદેપાલ

''સર ! યુનિવર્સિટીમાં પહેલાં શું 'સુધારો' કરીશું...!

દિલીપકુમારના દીવાના

દિલીપકુમાર સારા ગાયક અને સિતાર પ્લેયર

૧૧મી ડિસેમ્બર, ૧૯૨૨ના રોજ પેશાવર (પાકિસ્તાન)માં જન્મેલા દિલીપકુમાર ટ્રેજેડિ કિંગ (યુસુફખાન). દિલીપકુમારને કુલ દસ ફિલ્મફેર એવૉર્ડ મળ્યા છે. લાઇફટાઇમ એચીવમેન્ટ પ્રાપ્ત થયો છે. ઉપરાંત ૨૦૦૪માં સ્પેશિયલ એવૉર્ડ મળ્યો છે. દિલીપકુમારના પિતાજી ફળોના વેપારી હતા અને પેશાવરથી મુંબઈ સ્થળાંતર કર્યું હતું. પિતાજી સાથે ઝઘડો થઈ જતાં દિલીપકુમાર પુના ભાગી ગયા અને બ્રિટિશ આર્મી કેન્ટિનમાં નોકરીએ લાગ્યા હતા. પુનામાં પોતાનો ફ્રૂટ સ્ટૉલ ખોલ્યો હતો. દિલીપકુમારને ગઝલ પ્રિય. તેઓ સારા ગાયક ઉપરાંત અચ્છા સિતાર પ્લેયર. હર્ષીકેશ મુખરજીની 'મુસાફીર' અને સુભાષ ઘાઈની ફિલ્મ 'કર્મા' માટે કંઠ આપ્યો હતો. જૂના જમાનાની જાણીતી અભિનેત્રી અને બૉમ્બે ટૉકિઝની માલકણ દેવીકારાણીએ દિલીપકુમારને ફિલ્મજગતમાં એન્ટ્રી અપાવી અને એણે જ નામ બદલવા સૂચવ્યું હતું. એણે ત્રણ નામો સૂચવ્યાં હતાં. જહાંગીર, વાસુદેવ અને દિલીપકુમાર. યુસુફ ખાને દિલીપકુમાર નામ પસંદ કર્યું હતું. દિલીપકુમાર ૧૯૪૪માં સૌપ્રથમવાર 'જ્વારભાટા'માં દેખાયા. ફિલ્મ ફ્લૉપ ગઈ. બીજી ફિલ્મ કરી 'પ્રતિમા' અને ત્રીજી ફિલ્મ 'મિલન' કરી હતી. ફિલ્મલાઇનમાંથી સાવ આશા છોડી દીધી હતી. એવા સમયે વાડિયા મૂવીટોને 'મેલા' ફિલ્મ માટે સાઇન કર્યા. આ ફિલ્મને જબરદસ્ત સફળતા મળી હતી. પઠાણ પરિવારના દિલીપકુમારને ૧૨ ભાઈ-બહેન છે. ૧૯૬૬માં સૌંદર્યસામ્રાજ્ઞી સાયરાબાનુ સાથે લગ્ન કર્યાં ત્યારે એમની ઉંમર ૪૪ વર્ષ અને સાયરાબાનુ ૨૨ વર્ષનાં હતાં. ૧૯૯૧માં પદ્મભૂષણ ૧૯૯૫માં દાદાસાહેબ ફાળકે એવૉર્ડ, ૧૯૯૮માં પાકિસ્તાન સરકાર તરફથી નિશાન-એ-ઇમ્તિયાઝ.

ભૂપેન્દ્રભાઈ સચદેનું ઘર ટ્રેજડી કિંગ વિશે રેફરન્સ લાઇબ્રેરી

દિલીપકુમાર અભિનિત 'દેવદાસ' ફિલ્મનું એક દશ્ય : 'દેવદાસ'ને વધુપડતો દારૂ પીતો જોઈને ચંદ્રમુખી (વૈજયંતીમાલા) કહે છે : તુમને અભી અભી પીના શૂરૂ કિયા હૈ... ઇતના બરદાસ્ત નહીં કર પાઓગે.

ત્યારે જવાબમાં દેવદાસ (દિલીપકુમાર) કહે છે, કૌન કમબખ્ત બરદાસ્ત હોને કે લિયે પીતા હૈ, મૈં તો સિર્ફ ઇસ લિયે પીતા હૂં તા કી સાંસ લે શકું ઔર ફિર યહાં સે ઉઠકે જાને કી ભી તાકત નહીં હૈ ઇસ લિયે યહીં પડા રહતા હૂં ઔર ફિર દેખતા રહતા હૂં તુમ્હારે મૂંહ કી તરફ. ફિર ભી મૈં બિલકુલ બેહોશ નહિ હો જાતા હૂં. થોડા હોશ રહ હી જાતા હૈ. હોશસે કહ દો અબ કભી હોશ ન આને પાયે.

સાયરાબાનુએ કહ્યું, મને એવું હતું કે દિલીપને હું એકલી જ પ્રેમ કરું છું, ભૂપેન્દ્રભાઈ તમે હરીફ નીકળ્યા !

આ ડાયલોગ દેવદાસ (દિલીપકુમાર)નો છે, પણ આખો ડાયલોગ ભૂપેન્દ્રભાઈ સચદેને મોઢે છે. ભૂપેન્દ્રભાઈ દિલીપકુમારના ફૅન છે. એટલી હદે ફૅન છે કે એમને દીવાના કહી શકાય. મુલુંડમાં કોઠારી એસ્ટેટમાં એમનું નિવાસ છે. ત્રીજા માળે એમની રૂમમાં જાઓ અને એમનું કલેક્શન જુઓ તો આંખો ફાટી જાય.

દિલીપકુમારને લગતું જબરદસ્ત કલેકશન એમની પાસે છે. દિલીપકુમારના ફોટોગ્રાફ અસંખ્ય મૅગેઝિનો જેમાં અભિનયસમ્રાટ વિશે લેખો અને માહિતી પ્રગટ થઈ છે. એવું ઘણું બધું.

આ કલેકશને એમને દિલીપકુમાર સાથે ગાઢ દોસ્તી કરાવી દીધી છે. એમનો આ સંગ્રહ દિલીપકુમાર વિશે રેફરન્સ લાઇબ્રેરી બની ગયો છે. એવું બન્યું છે કે કોઈને ટ્રેજડી કિંગ વિશે માહિતી એકઠી કરવી હોય તો ખુદ દિલીપકુમારે ભૂપેન્દ્રભાઈને ત્યાં મોકલ્યા હોય !

૭૬ વર્ષીય ભૂપેન્દ્રભાઈ સચદે પોતાની પાસેના અલભ્ય કલેકશનની વિગતો આપતાં ભૂતકાળમાં સરી પડ્યા હતા. એમણે કહ્યું ૧૪ વર્ષનો હતો ત્યારે એટલે કે ૧૯૪૯માં દિલીપકુમારને 'બાબુલ' ફિલ્મ જોઈ. એમના સહજ અભિનયથી આકર્ષાયો. એ પછી અભિનેતાની બધી જ ફિલ્મો જોઈ. 'દેવદાસ' તો એકસો વાર જોઈ. ૫૦ વર્ષમાં બધી ફિલ્મો જોઈ નાખી. દિદાર, આન, મેલા, દાગ, આઝાદ, કોહિનૂર, યહૂદી વગેરે ચાર-ચાર, પાંચ-પાંચ વાર જોઈ છે.

એ પછી દિલીપકુમારે કઈ હિરોઇન સાથે કેટલી ફિલ્મો કરી તેની માહિતી આપતાં કહ્યું, વૈજયંતીમાલા અને નરગિસ સાથે નવ-નવ ફિલ્મો, મધુબાલા સાથે ચાર, કામિની કૌશલ સાથે ચાર, મીનાકુમારી સાથે, નિમ્મી સાથે છ અને સાયરાબાનુ સાથે ચાર ફિલ્મો કરી છે. દિલીપકુમારની ફિલ્મ જુઓ. ફિલ્મ સકસેસ જાય કે ન જાય એનું પોતાનું કામ તો સારું હશે જ.

સાયરાબાનુ સાથે પણ નિકટતા આવી ગઈ છે. મને એમણે કહ્યું, મને એમ હતું કે દિલીપને હું જ સૌથી વધુ પ્રેમ કરું છું, પછી હસીને કહ્યું તમે હરીફ નીકળ્યા ! સાયરાબાનુ દિલીપકુમારની ખૂબ સંભાળ રાખે છે. દવા, ભોજન જે કંઈ પણ હોય બધું જાતે જ કરે. એક મિનિટ એકલા ન છોડે.

દિલીપકુમારનો જન્મદિવસ હોય ત્યારે બે-ત્રણ દિ પહેલાં સાયરાબાનુનો ફોન આવી જાય. '૯૮થી દર વખતે બર્થડે પર જાઉં. ૧૧મી ડિસેમ્બરે દિલીપકુમારનો જન્મદિવસ છે. એ દિવસે મહાનુભાવો આવે, ધર્મેન્દ્ર એમને યુસુફખાન કહીને બોલાવે. દિલીપકુમારે ધર્મેન્દ્ર સાથે પરિચય કરાવતાં કહ્યું હતું, ''યે મેરા છોટા ભાઈ હૈ.''

દિલીપકુમારના દીવાના ભૂપેન્દ્રભાઈ વાલજી સચદેએ બિરલા ગ્રુપની સ્ટીમશિપ ઇન્ડિયા કંપનીમાં ૩૨ વર્ષ નોકરી કરીને નિવૃત્ત થયા. એમના ત્રણ પુત્રો અમર, વિજય અને કમલેશ. સંયુક્ત પરિવાર છે.

શ્રવણશક્તિની ખામીથી ઊગરી શકાય ?

યાદ છે ને, આપણે કાનના અલગઅલગ ભાગમાં થતી અલગઅલગ તકલીફોને લીધે આવતી બહેરાશ અને શ્રવણશક્તિની ખામી વિશે વાત કરી રહ્યા છીએ. બાહ્ય કર્ણ ન હોય, કાનમાં મેલ હોય, પડદો ફાટી ગયો હોય, ગળામાં ઈન્ફેક્શન હોય, હાડકીઓ સડી ગઈ હોય, હાડકીઓ ચોંટી ગઈ હોય એ બધી તકલીફ વિશે આપણે વાત કરી. હવે આપણે આંતરિક કર્ણની વાત કરીએ. આંતરિક કર્ણમાં ગોકળગાયના આકારનું કોક્લીઆ હોય છે. તેમાં પ્રવાહી અને રૂંવાટીઓ હોય છે અને આ રૂંવાટીઓ શ્રવણના જ્ઞાનતંતુ મારફતે મગજને સંદેશો પહોંચાડે છે. આંતરિક કાનમાં માર લાગવાથી, અમુક દવાઓની આડઅસરથી તથા જન્મજાત ખામીઓ લીધે તકલીફ સર્જાય છે. દા.ત. ત્રણ વર્ષનો સમીર દાઝ્યા બાદ તેને આપવામાં આવેલી દવાને લીધે આંતરિક કર્ણમાં નુકસાન થયું હતું. ત્રણ વર્ષની ઉંમર સુધીમાં તો સમીર બધું બોલતો હતો. તેની તકલીફનું પ્રમાણ જાણવા માટે શ્રવણશક્તિનું પરીક્ષણ કરાયું અને શ્રવણયંત્ર બેસાડવામાં આવ્યું. આંતરિક કર્ણને થયેલું નુકસાન કાયમી હોવાથી તેણે કાયમી ધોરણે શ્રવણયંત્ર વાપરવું પડ્યું. આજે તો સમીર કોમ્પ્યુટર એન્જિનિયર બની ગયો છે.

કાનની વાત

અપૂર્વ દવે-દેવાંગી દલાલ

ફોનઃ (૦૨૨)૨૬૪૯૦૨૨૯, મો.૦૯૮૨૦૦ ૦૨૯૩૪

નજીકના સગામાં હોય એવાં છોકરા-છોકરીના લગ્ન થયાં હોય અથવા છોકરા-છોકરીનું લોહી મેચ ન થતું હોય એવા કેટલાક કિસ્સાઓમાં તેમના બાળકને આંતરિક કર્ણની જન્મજાતની ખામી થવાનું જોખમ હોય છે. શ્રવણના જ્ઞાનતંતુઓને નુકસાન થયું ન હોય એટલે કે તે કાર્ય કરતા હોય તો વ્યક્તિ સાંભળી શકે છે. તેમાં શ્રવણયંત્રો મદદરૂપ થાય છે અને શ્રવણયંત્રોથી પણ પરક ન પડે ત્યારે કોક્લીઅર ઈમ્પ્લાન્ટનું ઓપરેશન કરાવી શકાય છે. જ્ઞાનતંતુઓને થયેલું નુકસાન ફરી ઠીક કરી શકાતું નથી તેથી એ તકલીફ ધરાવતી વ્યક્તિને કોઈ મદદ મળી શકતી નથી. જોકે એવી ઘણી ઓછી વ્યક્તિઓ હોય છે.

મહિલાને સગર્ભાવસ્થામાં ગાલપચોળા (મમ્પ્સ), ઓરી (મીઝલ્સ), અછબડા (ચિકનપોક્સ) અને રુબેલા (જર્મન મીઝલ્સ) જેવા ઈન્ફેકશનમાંથી કોઈપણ ઈન્ફેક્શન લાગ્યું હોય તો તેને જન્મનાર બાળકને આંતરિક કર્ણની જન્મજાત ખામી હોવાનું જોખમ હોય છે.

સગર્ભાવસ્થામાં લેવાયેલી અમુક દવાઓની આડઅસરથી અને વારસાગત રીતે પણ આંતરિક કર્ણની જન્મજાત ખામી થતી હોય છે. મંદબુદ્ધિ (મેન્ટલ રિટાર્ડેશન), સેરેબ્રલ પાલ્સી, મેટાબોલિક ડિસઓર્ડર (ચયાપચયની ખામી)એ કારણોસર પણ જન્મજાત શ્રવણશક્તિની ખામી ઊભી થતી હોય છે. સાત વર્ષની રૂપાને જોઈને જ ખબર પડી જાય કે તે મંદબુદ્ધિની છે. (આપણે પ્રચલિત શબ્દ તરીકે 'મંદબુદ્ધિ' શબ્દનો ઉપયોગ કરીએ છીએ. વાસ્તવમાં આજકાલ આવી વ્યક્તિઓ માટે 'મેન્ટલી ચેલેન્જ્ડ' એ શબ્દ વપરાય છે. અર્થાત્ જેમની માનસિક ક્ષમતા વિકસવા સામે અવરોધ આવેલો છે.) તેને સ્પીચ થેરપિસ્ટ પાસે લઈ જવાઈ. તે સંયુક્ત કુટુંબમાં રહેતી હતી. તેથી તેની વાચાનો વિકાસ થવો જોઈતો હતો છતાં તેની વાચા ખાલી ન હતી. તેથી તેની શ્રવણશક્તિ તપાસવામાં આવી અને તે ૫૦થી ૬૦ ટકા ઓછી હોવાનું જાણવા મળ્યું. તેની જરૂરિયાત મુજબનું શ્રવણયંત્ર પહેરાવ્યા બાદ તે સાત દિવસમાં સાત શબ્દ બોલતા શીખી ગઈ. મંદબુદ્ધિની સાથેસાથે બહેરાશ એમ બે સમસ્યાઓમાંથી એક સમસ્યા માત્ર શ્રવણયંત્રથી દૂર થઈ જાય ત્યારે થતી રાહત કેવી હોય એ તો બાળકના પરિવારજનો જ જાણી શકે. તેમને તો શ્રવણયંત્ર બેસાડનાર વ્યક્તિમાં ભગવાનના જ દર્શન થાય.

નાસિકથી મુંબઈ આવેલો પલ્લવ સેરેબ્રલ પાલ્સીનો દર્દી હતો. તેને ક્યાંક શ્રવણયંત્ર અપાયું હતું, પણ તે પહેરતો ન હતો. તેની શ્રવણશક્તિ ચકાસ્યા બાદ નવું શ્રવણયંત્ર પહેરાવાયું અને છ મહિનામાં તે ઘણું બોલતો થઈ ગયો. અગાઉનું શ્રવણયંત્ર તેની ખામીના પ્રમાણમાં અયોગ્ય હતું. તેથી તે પહેરતો ન હતો. યોગ્ય શ્રવણયંત્ર પહેરાવ્યા બાદ તેણે ક્લિનિકમાં સતત બે કલાક સુધી તે પહેરી રાખ્યું અને છ મહિનાના રોજિંદા વપરાશથી તેની વાચા ખીલી ઊઠી. આપણે હવે શ્રવણયંત્ર અને કોક્લીઅર ઈમ્પ્લાન્ટની વાત ઉપર આવી ગયા છીએ, પણ તેને વધુ સારી રીતે સમજવા માટે શ્રવણશક્તિ માપવાના એકમ 'ડેસિબલ' વિશે અને ધ્વનિને લગતી બીજી મહત્ત્વપૂર્ણ બાબતો વિશે જાણવું જરૂરી છે.

(પહેલા પાનાથી ચાલુ)

સોની બજારના અગ્રણીઓ પ્રભુદાસ પારેખ, ભુદરદાસ રણછોડભાઇ, રસિકલાલ ચુનીભાઇ, રસિકભાઇ પારેખ, ચમનભાઇ આદેશરા પણ આજ વિસ્તારના છે

આવા જ બીજા પ્રખર જ્યોતિષી હતા રેવાશંકર બરડવાળા. તે વખતે મલેશિયાના રાષ્ટ્રપ્રમુખ ટુંકુ-અબ્દુલ-રહેમાન મુસ્લિમ હોવા છતાં જ્યોતિષમાં માનતા હતા અને તેમણે રેવાશંકરભાઇ શાસ્ત્રીને મલેશિયા બોલાવી લીધા અને પોતાની પાસે જ રાખ્યા હતા જેથી નાના મોટા કાર્યોમાં તેમની પાસેથી સારા ચોઘડીયા/ મુહૂર્ત વિગેરે નક્કી કરી શકાય. ટુંકુ-અબ્દુલ રહેમાનને સત્તા પરથી હટાવીને ટુન-અબ્દુલ રહેમાન મલેશિયાના રાષ્ટ્રપ્રમુખ બન્યા. તેમણે પણ રેવાશંકર શાસ્ત્રીને પોતાની પાસે રાખ્યા હતા. જાણીતા રાજકીય આગેવાન શ્રી સુધીર જોષી તેમના પુત્ર થાય.

આવા જ વિચક્ષણ અને વિશિષ્ટ કહી શકાય તેવા જ્યોતિષ શ્રી વૃજલાલભાઇ શાસ્ત્રી તો આજે પણ દિગ્વિજય રોડ ઉપર કાર્યરત છે. તેઓ જ્યોતિષ તો છે જ સાથોસાથ ઉમદા વૈદ્ય છે અને તેમના દૈવજ્ઞ જ્યોતિષ કાર્યાલયમાં કુંડલી જોઇને દવા આપવામાં આવે છે. વજુભાઇ શાસ્ત્રી સંસ્કૃતના પ્રકાંડ પંડિત છે. તેઓ સંસ્કૃતમાં અસ્ખલિત પ્રવચન કરી શકે છે અને સ્વામિનારાયણ સંપ્રદાય સહિત જ્યાં ત્યાં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા હોય ત્યાં વજુભાઇ શાસ્ત્રી શાસ્ત્રોક્ત વિધિથી મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરાવે છે. આવા જ જાણીતા જ્યોતિષ હતા જીવણલાલ રાવલ. તેમના પુત્રો સ્વ. હર્ષદભાઇ, રૂદ્રદત્તભાઇ અને અન્ય ભાઇઓએ સાથી મિત્રોના સાથથી જીવન કોમર્શિયલ બેંક જીવણલાલ શાસ્ત્રીના નામ ઉપરથી ઉભી કરી છે.

તે જમાનામાં પડધરીના રેવાશંકર શાસ્ત્રી પણ ખૂબ જ પ્રસિધ્ધ હતા અને તેમની પાસે પણ દેશ વિદેશથી લોકો જ્યોતિષ જોવડાવવા આવતા હતા.

સોની જ્ઞાતિના અગ્રેસર ભૂદરદાદા રણછોડદાસ રાણપરા પણ આજ વિસ્તારમાં રહેતા હતા તો સુપ્રસિધ્ધ શિલ્પા જ્વેલર્સવાળા શાંતિભાઇ પારેખ અને તેમના પુત્ર પ્રભુદાસભાઇ પારેખ પહેલા પ્રહલાદ પ્લોટમાં અને હવે દિગ્વિજય રોડ ઉપર રહે છે. કુંવરજી ટાવર્સના સર્જક રસિકભાઇ પારેખ અને તેમના બંધુ મનુભાઇ પારેખ પણ દિગ્વિજય રોડ ઉપર રહે છે. ચુનીલાલ ખુશાલભાઇ વાળા રસિકભાઇ રાણપરા અને ખેરડીવાળા ચમનભાઇ અને સ્વ. જમનાદાસ વનમાળીદાસ રાણપરાનો પરિવાર પણ આજ વિસ્તારમાં રહે છે. માડા ગાસ્કરવાળા મોહનલાલ માંડણભાઇ પણ આજ વિસ્તારમાં રહેતા હતા. આ ઉપરાંત મથુરભાઇ બાબરાવાળા, મોહનલાલ નાનજી પટણી અને વશરામ હીરજીવાળા મગનભાઇ અને ધીરૂભાઇ પટણી પણ ખરા જ.

સુપ્રસિધ્ધ વૈદ કાંતિભાઇ જાનીએ પોતાની કારકિર્દી આ જ રોડ ઉપર શરૂ કરી હતી અને આજની તારીખે દિગ્વિજય રોડ ઉપર તેમનું દવાખાનું ચાલુ છે. વ્યાસ સ્વીટ માર્ટ નામની ફરસાણ મીઠાઇની દુકાન પણ કદાચ ૫૦-૬૦ વર્ષથી દિગ્વિજય રોડ ઉપર ચાલુ છે તો તે જ સમય ગાળામાં લખુભાઇ કંદોઇ પણ બહુ જાણીતા હતા.

તે જમાનામાં ટાઇલ્સ અને સર્ફ લાદીના કામકાજનો પ્રારંભ કરનારા માંહેના ખેતાણી પરિવાર પછી ખખ્ખર પરિવાર પણ દિગ્વિજય રોડ ઉપર રહેતાં.

કાઠિયાવાડ મોટર્સવાળા તારાચંદભાઇ પારેખ પ્રહલાદ પ્લોટમાં અમૃત વિલામાં રહેતા તો જાણીતા એકાઉન્ટન્ટ લક્ષ્મીદાસભાઇ માણેક (સ્વીટ સેન્ટરવાળા રમેશભાઇના પિતા) પણ પ્રહલાદ પ્લોટમાં રહેતા હતા. જાણીતા ઉદ્યોગપતિ કનુભાઇ વોરા, તેમના પિતા અને સટાબજારના અગ્રણી છોટુભાઇ વોરા, ડો. કે.ટી. પરીખ અને ડો. મગનભાઇ શેઠ પણ પ્રહલાદ પ્લોટ નિવાસી હતા.

(છેલ્લા પાનાથી ચાલુ)

મણિયાર્સ ખાખરા

ડિમાન્ડ દિવસે દિવસે વધવા લાગી. ખાખરાની માંગ વધતા ગોંડલ રોડવાળુ યુનિટ નાનુ પડવા લાગ્યું. આથી રાજકોટ-જામનગર રોડ પર તરઘડી પાસે વિશાળ પાયે એચએલએમ ફુડસ ઇન્ટરનેશનલ કંપનીની ફેકટરી તૈયાર થઇ. ૭૦,૦૦૦ ચોરસ ફૂટમાં તૈયાર થયેલી આ ખાખરાની ફેકટરીમાં અત્યારે ૨૫-૫૦ નહીં, પરંતુ ૩૫૦ બહેનો કામ કરે છે. દરરોજના સાડા ત્રણ હજાર કિલો એટલે કે ખાખરાના ૧૭,૫૦૦ પેકેટ દરરોજ તૈયાર થાય છે.

બહેનોનું યુનિટ

એચએસએમ ફુડસ ઇન્ટરનેશનલમાં ખાખરા વણવા, શેકવા, કવોલીટી ચેકર, કમ્પ્યુટર ઓપરેટર, સ્ટોરકીપર, વેકયુમ પેકર, સુપરવાઇઝર, પ્રોડકશન મેનેજર બધી જ પોસ્ટ પર બહેનો કામ કરે છે. એકંદરે ૯૯.૭ ટકા બહેનો કામ કરે છે, તેમાં ૪ ટકા વિકલાંગ કે વિધવા બહેનો પણ છે.

વૈતરું જ નહીં, બહેનોની પૂરતી કાળજી

આ બહેનો તરઘડી અને આસપાસના ૯૨ ગામડાની દીકરીઓ છે, આ દીકરીઓ પાસે માત્ર વૈતરું જ કરાવવાનું કે મજૂરી જ કરાવવાની એવું નહીં. બહેનોને બપોરનું ભોજન અપાય છે, ઉપરાંત અભણ બહેનોને અક્ષરજ્ઞાન, સીવણ, સાયકલીંગ, બેન્કીંગ વગેરેની તાલીમ પણ અહીં અપાય છે, બહેનો બોર ન થઈ જાય, ફ્રેશ રહે એ માટે મનોરંજનના કાર્યક્રમો કે ફિલ્મ શો,.

દરેક બહેનોના જન્મદિનની ઉજવણી પણ ફેક્ટરીમાં જ યોજાય છે. હેમાબેન મણિયાર બહેનોના પ્રશ્નો, એમની અંગત સમસ્યામાં મદદરૂપ બની, સાચા અર્થમાં શેઠાણી નહીં, પણ સખી બની રહ્યા છે. આ બહેનો બપોરે જે જમે, તે જ સંજયભાઈ અને હેમાબહેન જમે છે, એમનું જુદું ટીફીન મંગાવતા નથી. જુદાં જુદાં ગામોમાંથી આવતી આ બહેનો લેવા-મૂકવા માટે ત્રણ બસ અને ૭ મેટાડોર પણ વસાવ્યા છે.

એચએસએમ ઈન્ટરનેશનલ ફેકટરીમાં ઘઉં સાફ કરવાનું મશીન, લોટ મીકસ કરવાનું મશીન, ઘઉં દળવાની ઘંટી, ચાળવાનો ચારણો, વેકયુમ મશીન, સ્ટેમ્પીંગ મશીન, બેચ પ્રિન્ટીંગ મશીન જેવા વિવિધ મશીનો ધમધમે છે. કંપની ISO 22000 અને ISO 9001ના ઉચ્ચ ગુણવત્તાના સર્ટીફીકેટ ધરાવે છે.

સંજયભાઈ કહે છે કે, અત્યાર સુધી માત્ર ખાખરાજ બનાવતા, પરંતુ હવે ખીચિયા પાપડ, ખારી બિસ્કીટ, સાબુદાણાની ફરફર અને પાપડ પણ બનાવીએ છીએ. બધું જ વિદેશ મોકલીએ છીએ. અમારા ખાખરા હમણાં લોકલ બાલાજી બ્રાન્ડમાં પણ ચાલુ કર્યા છે, બાલાજીવાળા ચંદુભાઈ છેલ્લા દશ વર્ષથી અમારા ખાખરા જ ખાતા આથી હવે એમણે બાલાજી બ્રાન્ડમાં અમારા ખાખરાનું વેચાણ ચાલુ કર્યું છે. આ સિવાય અમારું ૧૦૦ ટકા એકસ્પોર્ટ યુનિટ છે.

ખાખરા શું છે ? કેવા હોવા જોઈએ ?

ખાખરા એટલે શું ? સંજય મણિયાર ખાખરાની વ્યાખ્યા કરતા કહે છે કે, જૈન લોકો રાતની રોટલી સવારે શેકીને નાસ્તામાં ખાતા-ખવરાવતા, એ ખાખરા. પરંતુ ઘણાં લોકોએ ખાખરાની પરિભાષા બદલી નાખી છે, તેઓ તેલવાળા, તળેલા ખાખરા ખાતા-ખવરાવતા થઈ ગયા છે. તેઓ કહે છે કે, ખાખરા હેલ્થ પ્રોડકટ છે. ધીમે ધીમે વિદેશના 'ધોળિયાઓ' માંસ-મટન મૂકીને ખાખરા ખાતા થઈ ગયા છે, ત્યારે આપણા લોકોએ પણ ઓછા તેલવાળા જ નહીં બલ્કે શેકેલા ખાખરાની ટેવ પાડવી જોઈએ.

ખાખરો કેવો હોવો જોઈએ ? સંજયભાઈના મતે ખાખરો પરપોટા વિનાનો હોવો જોઈએ. ખાખરા પર આંગળી ઘસવાથી તેમાં તેલ ચોંટતું હોવું ન જોઈએ.

મણિયાર્સ ખાખરા વિવિધ ફલેવરમાં આવે છે, તેમાં મેથી, મસાલા, જીરા અને પ્લેઈન ખાખરા વધુ ચાલે છે. આ ઉપરાંત લસણ, કોથમીર મરચા, લસણ બાજરી અને ચટપટા બાજરી ફલેવરમાં પણ ખાખરા બનાવે છે. હવે ભવિષ્યમાં વિદેશીઓને વધુ પસંદ છે, તેવી ફલેવર્સ જેવી કે પીઝા ફલેવર, બાર્બીકયુ ફલેવર, તંદુરી વગેરે બનાવવાનું આયોજન છે એમ સંજય મણિયારે અંતમાં જણાવ્યું હતું.

ધનાયુષ

તેના મમ્મી પ્રીતિબહેન સાથે ધનાયુષ મુંબઇથી ચેન્નાઇ ખાસ શીખવા માટે નિયમિત જાય છે. આપણા લાડીલા આ કયૂબ વર્લ્ડ માસ્ટર અભ્યાસમાં અવ્વલ સ્થાને જ રહે છે. ધનાયુષે એમની નાની ઉંમર દરમિયાન ૫૨ મેડલ્સ, ૧૩ ટ્રોફિઓ તથા ૧૩૦ જેટલા સર્ટીફિકેટસ હાંસલ કરી લીધાં છે. ધનાયુષને જીમનો પણ જબરો શોખ છે. એ સીક્સ પેક (૬ પેક) પણ ધરાવે છે.

'ધનાયુષ' જેવું ઓફબીટ નામ ધરાવતો આ બાળક સ્પોટ્સ અને કયૂબ ગેમ ક્ષેત્રમાં પણ ઓફબીટ અને અનબીટન છે. ૯ વર્ષની નાની વયે 'વર્લ્ડ કયૂબ માસ્ટર'ની સિદ્ધિ મેળવવા માટે અને એમના વિકાસ-પુરુષાર્થ-લગનને સપોટ કરનાર તેના મમ્મી-પપ્પા પ્રીતિબહેન-અતુલ રાણીંગાને હૃદયાભિનંદન અને લીટલ કયૂબ માસ્ટર ધનાયુષને ધનાધન વ્હાલ... રફતારના વાંચકો ધનાયુષને ૦૨૨-૨૮૮૦૪૦૮૯ ફોન પર કાઠીયાવાડી હરખ કરી શકે છે.

એફઆઈઆર

ગુનાની ખબર આપનારને એફઆઈઆર વાંચી સંભળાવીને તેની સહી પોલીસે કરાવવાની રહે છે. અભણ વ્યક્તિ હોય તો તેના અંગુઠાનું નિશાન લેવામાં આવે છે. આ એફઆઈઆરની પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલા રજીસ્ટરમાં નોંધ કરીને એફઆઈઆર નોંધાવનારને એક નકલ વિનામૂલ્યે આપવાની રહે છે.

પત્રકારત્વના અભ્યાસમાં રિર્પોર્ટીંગના સિધ્ધાંતો વિષય ભણાવવામાં આવે છે. આ વિષયમાં ત્રણ 'ક'નું મહત્ત્વ સમજાવવામાં આવે છે. કોઈપણ બનાવ કયારે, કયા અને કેવી રીતે બન્યો તેની જાણકારી મેળવવાથી રીર્પોર્ટીંગમાં સરળતા રહે છે તેવું શિખાડવામાં આવે છે તે જ રીતે પોલીસ પણ આ ત્રણ 'ક'ને કેન્દ્રમાં રાખે છે.આ ત્રણ 'ક'ની પળોજણમાં નહીં પડવા માગતા અત્યાચારનો ભોગ બન્યા હોવા છતાં પોલીસથી દૂર ભાગે છે.

પ્રતિભાવ

માણસની પરખ

'માણસની પરખ' વાંચી રાજી થયો. સારા માણસનો દુકાળ જરૂર પડયો છે પરંતુ હજી ધરતી પર ખૂણે-ખાંચરે જતી-સતી જીવે છે અને દીવાદાંડી જેવું પ્રેરક જીવે છે, પણ સમાજને આવા વિચારોથી સતત જાગૃત રાખવો બહુ જરૂરી છે.

(રાપર) સૂર્યાશંકર ગોર

■ **નવિન શાહ**

તા.૨૧-૭-૨૦૧૧ના ગુરુવારે લોર્ડસ ખાતે ભારતની ટીમ ઈંગ્લેન્ડમાં પ્રથમ ટેસ્ટ મેચ રમશે. કુલ ચાર ટેસ્ટ મેચોની શ્રેણી યોજાશે.

આ પહેલા આ બન્ને રાષ્ટ્રો વચ્ચે આજ સુધીમાં કુલ ૯૯ ટેસ્ટ મેચો રમાયાં હતાં સુકાનીઓમાં સી.કે. નાયુડુ V/S ડી.આર. જોર્ડનથી મહેન્દ્રસિંઘ ધોની V/S કેવીન પીટરસન સુધીમાં રમાયેલા દરેક ટેસ્ટ મેચોની સુપર આંકડાકીય ઝલક જામનગર પી.ડબલ્યુ.ડી. માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય)માં ફરજ બજાવી ચૂકેલ નિવૃત આસીસ્ટન ડ્રાફ્સમેન અને નગરના ક્રિકેટ સ્કોરર નવિન શાહે અત્રે પ્રસ્તુત કરેલ છે જે દરેક વાંચક વર્ગને ખૂબ જ ઉપયોગી નિવડશે.

હાર-જીતઃ આ બન્ને રાષ્ટ્રો વચ્ચે કુલ ૯૯ ટેસ્ટ મેચો રમાયાં હતાં જેમાં ઈંગ્લેન્ડ ટીમનો ૩૪માં વિજય ભારત ટીમનો ૧૯માં વિજય તથા ૪૬ ટેસ્ટ ડ્રો ગયા હતાં. ઈંગ્લેન્ડની સફળતાની ટકાવારી ૫૭.૫૭ જ્યારે ભારતની સફળતાની ટકાવારી ૩૨.૪૩ રહી હતી. ઈંગ્લેન્ડની ધરતી ઉપર કુલ ૪૮ ટેસ્ટ રમાયા હતાં. જેમાં ભારતનો ૫માં વિજય ઈંગ્લેન્ડનો ૨૩માં વિજય તથા ૨૦ ટેસ્ટ ડ્રો ઈંગ્લેન્ડની સફળતાની ટકાવારી ૬૮.૭૫ જ્યારે ભારતની સફળતાની ટકાવારી ૩૧.૨૫ રહી હતી. ભારતની ધરતી ઉપર રમાયેલાં કુલ ૫૧ ટેસ્ટમાંથી ઈંગ્લેન્ડનો ૧૧માં વિજય ભારતનો ૧૪માં વિજય અને ૨૬ ડ્રો ગયા હતા ભારતની સફળતાની ટકાવારી ૫૨.૯૫ જ્યારે ઈંગ્લેન્ડની સફળતાની ટકાવારી ૪૭.૦૫ હતી.

રન-વિકેટઃ આ બન્ને રાષ્ટ્રો વચ્ચે કુલ ૯૯ ટેસ્ટમાં કુલ રનો બન્ને દાવના ૯૭૮૫૭ તથા કુલ વિકેટો ૨૯૨૦ પડી હતી જેની સરેરાશ ૩૩.૫૧ રહી હતી. ઈંગ્લેન્ડની ટીમના બન્ને દાવમાં કુલ રનો ૪૯૮૧૨ બન્યા હતાં. જેમાં કુલ વિકેટો ૧૩૫૭ પડી હતી. જેની સરેરાશ રન પર વિકેટ ૩૬.૭૦ હતી જ્યારે ભારતની ટીમના બન્ને દાવના કુલ રનો ૪૮૦૪૫ બન્યા હતાં. જેમાં કુલ વિકેટો ૧૫૬૩ પડી હતી જેની સરેરાશ રન પર વિકેટ ૩૦.૭૩ રહી હતી.

સુકાનીઓઃ આ બન્ને રાષ્ટ્રો વચ્ચે કુલ ૩૯ સુકાનીઓ બન્યા હતાં. જેમાંભારત ૧૬ અને ઈંગ્લેન્ડ-૨૩ ભારત તરફથી સૌથી વધુ સુકાની પદ સુનીલ ગાવસ્કર ૧૪ માંથી ૨ વિજય ૩ હાર ૧૯ ડ્રો અઝરૂદીન ૭ માંથી ૩ જીત ૨ હાર ૪ ડ્રો, ગાંગુલી ૭ માથી ૨ જીત ૧ હાર ૪ ડ્રો, 'દ્રવીડ'૬ માંથી ૨જીત ૧હાર ૩ ડ્રો જ્યારે મહેન્દ્રસિંઘ ધોનીએ ૨ માંસંભાળી ૧જીત અને ૧ ડ્રો જ્યારે ઈંગ્લેન્ડની ટીમમાંથી સૌથી વધુ સુકાની પદ નાસીર હુસેન ૭ સંભાળી ૧જીત ૨ હાર ૪ ડ્રો, ગ્રેહામ ગુચ ૬ માં સંભાળી ૧જીત ૩ હાર ૨ ડ્રો, કે.ડબલ્યુ.આર. ફ્લેચર ૬માં સંભાળી ૧હાર ૫ ડ્રો એ.ફલીનટોફ ૩ માં સંભાળી ૧જીત ૧ હાર ૧ ડ્રો જ્યારે કેવીન પીટરસને બેમાં સંભાળી ૧ હાર તથા ૧ડ્રો ગયેલ.

સદીઓઃ આ બન્ને રાષ્ટ્રો વચ્ચે કુલ ૧૭૧ સદીઓ નોંધાઇ હતી જેમાં ઈંગ્લેન્ડ-૯૩ અને ભારત -૭૮ ઈંગ્લેન્ડ તરફથી સૌથી વધુ પાંચ સદી ઇયાન બોથમ અને ગ્રેહામ ગુચ, ચાર સદીવાળા -જિ. બોયકોટ અને માઇકલ વોન ત્રણ સદીવાળા કેવીન પીટરસન જ્યારે ભારત તરફથી સૌથી વધુ છ સદી નોંધાવનાર મહમ્મદ અઝરૂદીન અને તેંડુલકર પાંચ સદી નોંધાવનાર દિલીપ વેંગસરકટર અને ચાર સદીવાળા - ગાવસ્કર, રવિશાસ્ત્રી અને વિશ્વનાથ.

એક ટેસ્ટમાં દસ કે વધુ વિકેટોઃ આ બન્ને રાષ્ટ્ર વચ્ચે ૧૯૩૨થી ૨૦૦૮ સુધીમાં રમાયેલાં કુલ ૯૯ ટેસ્ટ મેચોમાંથી ૧૧ ગોલંદાજો દ્વારા કુલ ૧૨ પ્રસંગો નોંધાયા હતાં જેમાં ઈંગ્લેન્ડ તરફથી બે વખત એલેક બેડસર ૧૧/૯૩ ઓલ્ડ ટ્રેફર્ડમાં -૧૯૪૬ તથા ૧૧/૧૪૫ લોર્ડઝમાં -૧૯૪૬ (કારકિર્દીના પ્રથમ ટેસ્ટમાં ૧૧ વિકેટો ઝડપી હતી) જ્યારે એક વખતમાં ઇમાન બોથમ ૧૩/૧૦૬ મુંબઇમાં ૧૯૭૯-૮૦, હૈડલી વેરીટી-૧૧/૧૫૩ ચેન્નાઇમાં ૧૯.૯૩.૯૪ નિલ ફોસ્ટર-૧૧/૧૬૩ ચેન્નાઇમાં ૧૯૮૪-૮૫, જહોન લીવર-૧૦/૭૦ દિલ્હીમાં ૧૯૭૮.૭૭ તથા ગબી એલન ૧૦/૭૮ લોર્ડઝમાં ૧૯૩૬ જ્યારે ભારત તરફથી વિનુ માંકડ ૧૨/૧૦૮ ચેન્નાઇમાં ૧૯૫૧-૫૨, એલ. શિવરામ કૃષ્ણન લક્ષ્મણ ૧૨/૧૮૧ મુંબઇમાં ૧૯૮૪-૮૫, સલીમ દુરાની-૧૦/૧૭૭ ચેન્નાઇમાં ૧૯૬૧-૬૨૧ ચેતન શર્મા ૧૦/૧૮૮ બર્મીંગ ધામમાં-૧૯૮૬ તથા અનિલ કુંબલે ૧૦/૨૩૩ અમદાવાદમાં ૨૦૦૧/૦૨.

ટેસ્ટ મેચ કાર્યક્રમ

ભારતની ટીમ ઈંગ્લેન્ડમાં

૨૧ થી ૨૫ જુલાઇ	પ્રથમ	લોર્ડઝ	બપોરે ૩-૩૦
૨૯ જુલાઇથી બીજી ઓગસ્ટ	બીજો	નોટિંઘમ	બપોરે ૩-૨૦
૧૦ થી ૧૪ ઓગસ્ટ	ત્રીજો	બર્મિંઘમ	બપોરે ૩-૩૦
૧૮ થી ૨૨ ઓગસ્ટ	ચોથો	કે. ઓવલ	બપોરે ૩-૩૦

વ્યક્તિગત શ્રેષ્ઠ સ્કોરઃ ઈંગ્લેન્ડ તરફથી ગ્રેહામ ગુચ ૩૩૩ રન ૬૨૭ મિનિટમાં ૪૮૫ દડામાં ૩ સીકસર અને ૪૩ ચોક્કા, લોર્ડઝમાં - ૧૯૯૦ તથા જયોફ બોયકોટ ૨૪૬ રન અણનમ -૫૭૩ મિનિટમાં ૫૫૫ દડામાં ૧ સીકસર અને ૨૩ ચોક્કા લીડ્ઝમાં ૧૯૬૭ જ્યારે ભારત તરફથી વિનોદ કાંબલી -૨૨૪ રન ૬૦૮ મિનિટમાં ૪૧૧ દડામાં ૨૩ ચોક્કાની મદદથી મુંબઇમાં ૧૯૯૨-૯૩ તથા ગુડપ્પા વિશ્વનાથ-૨૨૨ રન -૬૩૮ મિનિટમાં ૩૭૩ દડામાં ૩૧ ચોક્કાની મદદથી ચેન્નાઇમાં ૧૯૮૧-૮૨ અને રાહુલ દ્રવીડ -૨૧૭ રન ઓવલમાં ૨૦૦૨-૦૩માં નોંધાવેલ.

એક દાવમાં શ્રેષ્ઠ બોલીંગ પ્રદર્શનઃ ઈંગ્લેન્ડ ગોલંદાજ ફ્રેડ ટ્રુમેન ૮/૩૧ ઓલ્ડ ટ્રેફર્ડમાં, જોન લીવર ૭/૫૬ દિલ્હીમાં ઇમાન બોથમ ૭/૪૮ મુંબઇમાં, હૈડલી વેરીટી-૭/૪૯ ચેન્નાઇ, એલેક બેડસર ૭/૪૯ લોર્ડઝમાં, ગલી એલન ૭/૮૦ ઓવલમાં જ્યારે ભારત તરફથી વિનુ માંકડ ૮/૫૫ ચેન્નાઇમાં, બી.એસ. ચંદ્રશેખર ૮/૭૯ દિલ્હીમાં એલ. અમરસિંહ-૭/૮૬ ચેન્નાઇ અનિલ કુંબલે ૭/૧૧૫ અમદાવાદમાં ૨૦૦૧-૦૨માં નોંધાવેલ.

સૌથી વધુ રનોઃ ભારત તરફથી સુનીલ ગાવસ્કરે ૩૮ ટેસ્ટના ૬૭ દાવમાં બે વાર અણનમ રહીને પાંચ સદી અને આઠ અર્ધી સદીની મદદથી કરેલ.

સૌથી નાની ઉંમરે સદીઃ ભારતના સચીન તેંડુલકર ૧૭ વર્ષ અને ૧૫૨ દિવસમાં ૧૧૯ રન અણનમ માન્ચેસ્ટરમાં ૧૯૯૦ અને ૧૬૫ રન ચેન્નાઇમાં૧૯૯૨-૯૩માં ૧૯ વર્ષ અને ૨૯૪ દિવસ જ્યારે ઈંગ્લેન્ડના મેલાડી એ.એલ. બેગ-૨૦ વર્ષ અને ૧૩૧ દિવસ-૧૧૨ રન માનચેસ્ટર ૧૯૫૯ તથા વી.એલ. માંજરેકર-૨૦ વર્ષ અને ૧૩૩ દિવસ-૧૩૩ રન લીડ્ઝમાં -૧૯૫૨.

બન્ને રાષ્ટ્રો વચ્ચે ઈંગ્લેન્ડમાં એક બીજા વિરુદ્ધ નોંધાયેલ ૪૮ ટેસ્ટ મેચોનો રેકોર્ડઃ- સૌથી વધુ રનોઃ ભારતના સચીન તેંડુલકર ૧૩ મેચના ૨૨ દાવમાં ૧૩૦૨ રન. શ્રેષ્ઠ સ્કોર-૧૯૩ ચાર સદી અને છ અર્ધી સદી. સુનીલ ગાવસ્કર ૧૬ ટેસ્ટમાં ૨૮ દાવમાં ૧૧૫૨ રન શ્રેષ્ઠ-૨૨૧ રન બે સદી અને ૮ અર્ધી સદી. દિલીપ વેંગસરકર ૧૨ મેચમાં ૨૩ દાવમાં ૯૬૦ રન શ્રેષ્ઠ ૧૫૭ ચાર સદી અને ચાર અર્ધી સદી, સૌરવ ગાંગુલી ૯ મેચમાં ૧૫ દાવમાં ૯૧૫ રન શ્રેષ્ઠ ૧૩૬ રન ત્રણ સદી અને પાંચ અર્ધી સદી, જ્યારે ઈંગ્લેન્ડના ગ્રાહમ ગુચ ૧૦ મેચના ૧૭ દાવમાં ૧૧૩૪ રન ચાર સદી અને ચાર અર્ધી સદી, માઈકલ વૉન ૭ મેચના ૧૩ દાવમાં ૯૧૦ રન શ્રેષ્ઠ સ્કોર ૧૯૭ રન ચાર સદી અને બે અર્ધી સદી, ડેવીડ ગોવર ૧૨ મેચના ૨૦ દાવમાં ૮૩૩ રન શ્રેષ્ઠ ૨૦૦ રન અણનમ ત્રણ સદી સામે

સૌથી વધુ વિકેટોઃ ઈંગ્લેન્ડના ફ્રેડ ટ્રુમેન ૭૮૭ રન આપીને ૬૩ વિકેટ શ્રેષ્ઠ ૮/૩૧, ૯ મેચમાં શ્રેષ્ઠ ૭/૪૯,રે ઈલીંગવર્થ ૮ મેચમાં ૫૯૨ રનો આપીને ૩૧ વિકેટ શ્રેષ્ઠ ૬/૨૯ જ્યારે ભારત તરફથી કપિલદેવ ૧૩ મેચમાં ૧૬૮૫ રનો આપીને ૪૩ વિકેટ શ્રેષ્ઠ ૫/૧૨૫, અનિલ કુંબલે ૧૦ મેચમાં ૧૪૯૧ રનો આપીને ૩૬ વિકેટ શ્રેષ્ઠ ૪/૬૬, બિશનસિંહ બેદી ૧૨ મેચમાં ૧૩૩૩ રન આપીને ૩૫ વિકેટ શ્રેષ્ઠ ૬/૨૨૬ તથા ભાગવત ચંદ્રશેખર ૯ મેચમાં ૧૦૫૩ રનો આપીને ૩૧ વિકેટ શ્રેષ્ઠ ૬/૩૮ તથા ઝહીરખાન ૭ મેચમાં ૮૪૯ રનો આપીને ૨૯ વિકેટ શ્રેષ્ઠ ૫/૭૫.

શ્રેષ્ઠ બોલીંગ પ્રદર્શન એક દાવમાંઃ ઈંગ્લેન્ડના ગોલંદાજ ફ્રેડ ટ્રુમેન-૮.૪ ઓવરમાં બે મેઈડન ૩૧ રન આપીને ૮ વિકેટ માનચેસ્ટરમાં ૧૯૫૨ ભારતના ગોલંદાજ અમરસિંહ ૨૫.૧ ઓવરમાં ૧૧ ઓવર મેઈડન ૩૫ રન આપીને ૬ વિકેટ લોર્ડસમાં ૧૯૩૬.